SEAT No.__________ No. of Printed Pages : 02

[A-52]

# SARDAR PATEL UNIVERSITY

## T.Y.B.A (External New Course ) Examination

## GUJ : 304 Gujarati Literature

Thursday, 22nd July, 2021

Time:02:00 p.m. To 04:00 p.m.

અપઠિત લેખન-પરિશીલન-(Ansin)

નોંધ: જમણી બાજુ દર્શાવેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે. કુલ ગુણ:૭૦

પ્રશ્ન:૧ નીચે આપેલી પંક્તિનો અર્થવિસ્તાર કરો. (કોઇ પણ બે) (૧૭)

(૧) નમતાંથી સૌ કો રીઝે, નમતાંને બહુમાન,
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચાં સ્થાન.

(૨) છે ગરીબોના કુબામાં તેલ ટીપું ય દોહ્યલું;
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.

(૩) જનનીની જોડ, સખી! નહિ જડે રે લોલ.

(૪) તને મેં ઝંખી છે-
યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી.

પ્રશ્ન:૨ નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરાવો. (૧૮)

એક બપોરે
મારા ખેતરને શેઢેથી
લ્યા ઊડી ગઈ સારસી!
મા,
દોચકીમાં છાશ પાછી રેડી દે,
રોટલાને બાંધી દે,
આ ચલમની તમાકુમાં કસ નથી,
ઠારી દે આ તાપણીમાં
ભારવેલી અગની.
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય,
અલે એઈ
બળદને હવે હળે જોતરીશ નંઇ
મારા ખેતરને શેઢેથી-
-રાવજી પટેલ

અથવા

( પાછળ )

પ્રશ્નઃ૨ નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરાવો.

અમે

ખોબો ભરીને અમે એટલું હસ્યાં
કે કૂવો ભરીને અમે રોઈ પડયાં.
ખટમીઠાં સપનાંઓ ભૂરાં ભૂરાં
કુંવારાં સોળ વરસ તૂરાં તૂરાં
અમે ધુમ્મસના દરિયામાં એવાં ડૂબ્યાં
કે હોડી- ખડક થઈ અમને નડયાં
કયાં છે વીંટી અને કયાં છે રુમાલ?
ઝૂરવા કે જીવવાની કયાં છે સવાલ?
કૂવો ભરીને અમે એટલું રડયાં
કે ખોબો ભરીને અમે મોહી પડયાં

–જગદીશ જોષી

પ્રશ્નઃ૩ નીચેના ગદ્યખંડનો સાર–સંક્ષેપ લખી, યોગ્ય શીર્ષક આપો. (૧૭)

કવિતામાં રસ હોવો જોઈએ એમ વારંવાર કહેવાય છે, 'રસાત્મક વાકય તે કાવ્ય' એવું લક્ષણ પણ સિધ્ધ રુપે મનાય છે. રસનું સ્વરુપ એવું કહેવાય છે કે શબ્દાર્થનું ગ્રહણ થતાં આખો સંદર્ભ ચાલે ત્યાં સુધી જે આનંદની સ્થિરતા મનમાં થાય તે રસ છે, પરંતુ પ્રકૃત્તિ અનુસાર સર્વને જુદેજુદે ઠેકાણે જુદી જુદી ભાષામાં જુદી જુદી સ્થૂલતા કે સૂક્ષ્મતામાં આનંદ આવે છે. એ બધા આનંદ રસ નથી, એમ હોય તો ગદ્ય જેવા અનુપ્રાસવાળાં વચનો પણ કવિતા ગણાય, બીભત્સ વર્ણનો પણ ઉત્તમ શૃંગાર ગણાય, નીતિથી ભ્રષ્ટ કરનાર ઉત્તેજક વાકયો પણ કાવ્યપ્રતિભાનાં બાલક થઈ જાય, જે રસનું આપણે આગળ વર્ણન કરી આવ્યા અને જે રસને અવલંબીને કવિ અને તત્વજ્ઞ એકની એક જ ભૂમિકામાં ભેગા થઈ શકે છે, તે રસ કાવ્યમાત્રનો જીવ છે. એમાં સંશય નથી, એમાં અનીતિ, અસત્ય, અનાચાર તેનો સંભવ જ નથી.

–મણિલાલ દ્વિવેદી

અથવા

પ્રશ્નઃ૩ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો.

આખરે દરેક પ્રજાની ભાષા તે પ્રજાના પુરુષાર્થમાંથી ઘડાઈ હોય છે. મનુષ્યના ચિત્તમાં ઊઠતા ભાવો જે સાહિત્યિક ભાષાનું જન્મસ્થાન છે, તે કાં તો તૃપ્ત ભાવોનું પુનઃ નિર્માણ હોય છે, કાં તો અતૃપ્ત ભાવોનું કલ્પનાથી સર્જાયેલું ચિંતણ હોય છે. પ્રજાનો પુરુષાર્થ જેટલો પ્રબળ, ઉચ્ચ આશયવાળો અને વ્યાપક તેટલી તે પ્રજાની ભાષા વધુ સમૃધ્ધ અને સ્ફોટક ગુણોવાળી બનવાની.

–મનુભાઇ પંચોળી–'દર્શક'

પ્રશ્નઃ૪ (અ) કોઇપણ બે છંદના ઉદા. બંધારણ આપી સમજાવો. (૯)

શિખરિણી, વસંતતિલકા, ઝૂલણા, ચોપાઈ

(બ) કોઇપણ બે અલંકાર ઉદાહરણ આપી સમજાવો. (૯)

ઉત્પ્રેક્ષા, વર્ણાનુપ્રાસ, શ્લેષ, સજીવારોપણ

—x—